ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# મહિલાઓ દ્વારા ઉત્પાદિત 'રાખડી'ઓના વિશેષ વેચાણની વ્યવસ્થા 'રાખીમેલા'



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૮

ભાઈ-બહેનના વિશુદ્ધ સંબંધને વ્યક્ત કરતું પર્વ રક્ષાબંધન ભાઈના વાત્સલ્ય અને બહેનની નિર્ભેળ ભાવનાને સુમધુર બનાવે છે. આ પ્રેમની પ્રતિક સમી 'રાખડી'ની ઉત્પાદક નારીશક્તિના સશક્તિકરણ માટેનું સફળ દૃષ્ટાંત પુરું પાડ્યું છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે 'રાખીમેલા' નવતર અભિગમને અમલમાં મૂકીને.

રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે મહિલા વિકાસના અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેમાંનો એક છે, 'રાખીમેલો', રાખીમેલામાં પરંપરાગત સુંદર કલાત્મક અને વાજબી ભાવની રાખડીઓનું પ્રોત્સાહક વેચાણ થઈ રહ્યું છે. મહિલાઓ ઉત્પાદિત રાખડીઓનું વિશેષ વેચાણ માટે જરૂરી પ્લેટફોર્મ રાજ્ય સરકારે પુરું પાડ્યું છે.

ગાંધીનગરમાં ખરીદ-વેચાણના હાર્દસમા સેક્ટર-૨૧માં યોજાયેલ 'રાખીમેલા' આ વર્ષે રાખડીઓના વેચાણનું કેન્દ્ર બન્યો છે. અહીં બહેનોએ બનાવેલી રાખડીઓનું કોઈપણ પ્રકારના ભાડાના સ્ટોલ વિના વેચાણ થતું હોવાથી રાખડીનો ભાવ પ્રમાણમાં ઓછો છે.

રાખીમેલામાં જયમહાકાલી સખી મંડળ, પીપળજના સુનિતા પંડ્યા, જયઅંબે સખીમંડળના દીપમાલાબેન, સરસ્વતી મંડળના શબાના શેખ, હિતેશ સખી મંડળના સુરેખાબેન ઠાકોર, ઈસનપુર (મોટા) સખીમંડળના મેનાબેન બ્રાહ્મણીયા, ભાવનાબેન મકવાણા સહિત વીસેક જેટલી મહિલાઓના રાખી કેન્દ્રો છે. સખી મંડળના સથવારે ગ્રામીણ ગરીબ કુટુંબોના મહિલા સ્વસહાય જૂથોને સખી મંડળ સ્વરૂપે રચવામાં આવ્યા, આર્થિક પ્રવૃત્તિમાં આ મહિલાઓને પ્રેરિત કરી રાખી મેલા જેવા આયોજનો અમલમાં મૂકી અમારું આર્થિક સશક્તિકરણ થયું છે. રાજ્યની મહિલાઓના જીવનમાં પથદર્શક બનવા બદલ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો ખૂબ ખૂબ આભાર.

સમાજ સંગઠનના કન્વીનર, કુ. હેતલ દસાડીયાએ આ આયોજનમાં વહીવટી તંત્રનો સહકાર લોકોને ખરીદીનો ઉત્સાહ અને સખીમંડળની બહેનોના વિશ્વાસને બિરદાવતાં કહ્યું કે, આ કાર્ય ગતિશીલ ગુજરાતનું મહિલા સશક્તિકરણનું પ્રેરક કાર્ય છે. અહીં સ્વસહાય જૂથોની બહેનો દ્વારા ઉત્પાદિત રાખડીઓનું એકદમ વાજબી ભાવે વેચાણ થાય છે. સાથે સાથે ગૃહસજાવટની વસ્તુઓ, મોતી, ભરતગુંથણની વિવિધ આઈટમો, કોટનના ડ્રેસ, ઈમીટેશન જ્વેલરી જેવા સ્ટોલ્સ પણ છે. આખુંયે આયોજન ઉડીને આંખે વળગે તેવું છે.

# આઈ.પી.એસ. મનીન્દરસીંગ પવારની એ.ટી.એસ.માં નિમણુંક

ગાંધીનગર, તા. ૮

સુરત ઝોન-૩ ના નાયબ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા આઈ.પી.એસ. અધિકારી મનીન્દરસીંગ પવારની બદલી કરતાં હૂકમો કરવામાં આવ્યા છે.

ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલ હૂકમ અનુસાર સુરત ઝોન-૩ ના નાયબ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા આઈ.પી.એસ. અધિકારી મનીન્દરસીંગની બદલી કરીને તેમને આતંકવાદી વિરોધી દળ (એટીએસ) માં પોલીસ અધિકક્ષ તરીકે નિમણૂંક આપવામાં આવી છે.

# શાળાના વિદ્યાર્થીઓ માટે કેપીટલ રેલવે સ્ટેશનમાં પ્રવેશ નિષેધ !!

## પ્રવાસમાં આવતા વિદ્યાર્થીઓને રેલવે સ્ટેશનમાં દાખલ થવા દેવાતા નથી : અમદાવાદ મંજૂરી લેવા લાંબા થવું પડે છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના વિવિધ સ્થળોએ પ્રવાસમાં આવતા વિદ્યાર્થીઓને કેપીટલ સ્ટેશનની અંદર દાખલ થવા દેવામાં આવતા નથી !! નગરના જોવાલાયક સ્થળોની મુલાકાત સાથે રેલવે સ્ટેશન જોવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પ્રવેશ ન અપાતા નારાજગી પ્રવર્તે છે. વળી આ મામલે અમદાવાદથી પરવાનગી લઈ આવવાનુ સુણાવી દેવાય છે.

શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પાયાનું શિક્ષણ વધુ મજબૂત બને તેમજ અભ્યાસુ વૃત્તિ સીવાય વિદ્યાર્થીઓમાં આંતરિક રાહત અને જિજ્ઞાસાવૃત્તિ કેળવાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેને અનુલક્ષી વર્ષ દરમિયાન સ્ટુડન્સ માટે શૈક્ષણિક કાર્ય ઉપરાંત પ્રવાસ સહીત અન્ય જોવાલાયક સ્થળોની વીઝીટ પણ ગોઠવવામાં આવે છે. ગાંધીનગરમાં પણ શાળાના વિદ્યાર્થીઓને સ્થાનિક જોવાલાયક સ્થળોની મુલાકાત માટે લઈ જવામાં આવતા હોય છે. જ્યારે પાટનગર હોવાના નાતે અહીં મહાત્મા મંદિર, અક્ષરધામ અને સચિવાલય સહીતના સ્થળોની મુલાકાતે પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવતા હોય છે. પરંતુ આ વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર રેલવે સ્ટેશનમાં જાણે પ્રવેશ નિષેધ હોય છે. દૂરથી આવતા કે સ્થાનિક પ્રવાસી વિદ્યાર્થીઓને રેલવે સ્ટેશનમાં દાખલ થવા દેવાતા નથી. કરોડોના ખર્ચ બાદ મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવા માટે રેલવે વિભાગ દ્વારા સતત દુર્લભ્ય સેવવામાં આવી રહ્યું છે. ત્યારે સુવિધાઓના અભાવ વચ્ચે ખંડેર ભાસતા રેલવે સ્ટેશનમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પણ વિચિત્ર જડતા દાખવવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની મંજુરી અર્થે શાળા સંચાલકોને અમદાવાદ જવાની ફરજ પાડવામાં આવે છે !!!



(તસવીર : કશ્યપ નિમાવત)



રાખડી બજાર - માત્ર ગણતરીના કલાકો બાકી છે ત્યારે રાખડી ખરીદવા માટે બહેનો બજારમાં ઉમટી છે... આ વર્ષે નાના ભાઈઓ માટે અવનવી કાર્ટુનવાળી રાખડીઓ બજારમાં આવી છે... સમયના બદલાવ સાથે પર્વોમાં બદલાવ આવે છે અને આનુષાંગિક પાસાઓ પણ બદલાતા જાય છે... સુતરના એક તાંતણે બનેલી રાખડી વર્ષો પહેલા બંધાતી હતી... તેમાં ગોટા આવ્યા... રૂદ્રાક્ષ આવ્યા... અવનવા આકારની કૃતિઓ આવી, ચાંદીની કૃતિઓ આવી, ક્યાંક ક્યાંક કાર્ટુનો પણ આવ્યા... હવે નાના બાળકો માટે અવનવા આકારવાળી રાખડીઓ બજારમાં છલકાય છે...

# રાખડી બાંધવાનો શુભ સમય બપોરે ૧.૪૦ કલાકથી શરૂ થાય છે

## સવાર કરતા બપોરે રાખડી બાંધવા માટે વધુ સારૂ મુહૂર્ત : ફૂલશંકર શાસ્ત્રી

ગાંધીનગર, તા. ૮

ભાઈ-બહેનના હેતનું પર્વ એટલે રક્ષાબંધન. રવિવારે રક્ષાબંધનની ઉજવણી માટે નગરજનો ઉત્સુક છે. ત્યારે રક્ષાના આ પર્વમાં રાખડી બાંધવાનો શુભ સમય રવિવારે બપોરે ૧.૪૦ કલાકથી શરૂ થાય છે. વિષ્ટી યોગના લીધે શાસ્ત્રોક્ત રીતે બપોરના સમયગાળામાં રાખડી બાંધવાનું મુહૂર્ત વધુ સારૂ છે.



ભાઈનો રક્ષાબંધન આપવાની પવિત્ર ભાવના સાથે રાખીના તાંતળે શ્રદ્ધાપૂર્વક ઉજવાતા રક્ષાબંધનના પર્વને લઈ રાખડી બાંધવાો યોગ્ય સમય મહત્વની બાબત હોય છે. આ વખતે બપોરે ૧.૪૦ વાગ્યાથી રાખડી બાંધવાનો શુભ સમય હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીના જણાવ્યા મુજબ સામાન્ય રીતે હોળી તેમજ પૂનમ અને આઠમના સમયગાળામાં અમુક તિથિઓનો સંયોગ થતો હોય છે. ત્યારે પર્વની શાસ્ત્રોક્ત ઉજવણીમાં મુહૂર્ત અને યોગ્ય સમયનું મહત્વ વિશેષ બની રહે છે. શાસ્ત્રોક્ત દૃષ્ટિએ જોઈએ તો આ વખતે આ પ્રમાણેના સંયોગના લીધે વિષ્ટી નામનો યોગ બને છે. જો કે, ચંદ્ર મકરનો હોવાથી સવારના સમયે પણ રાખડી બાંધી શકાય છે, પરંતુ સવાર કરતા બપોરે ૧.૪૦ થી રાખડી બાંધવાનો શુભ સમય શરૂ થાય છે. તહેવારની શાસ્ત્રોક્ત ઉજવણીમાં મુહૂર્ત સમયનું ધ્યાન રાખવું પડે. રાખડી બાંધવાનો શુભ સમય બપોરનો છે. જ્યારે બ્રાહ્મણો સવારે જનોઈ બદલી શકે છે.

# સે-૩માં ફૂટપાથ પર આડશ બનેલા વૃક્ષથી રહીશોને હાલાકી

ગાંધીનગર, તા.૭

ગત સપ્તાહ દરમિયાન ખાબકેલા ભારે વરસાદના અંતે શહેરમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો યથાવત સ્થિતિમાં છે. ભારે વરસાદ દરમિયાન વરસાદી પાણીમાં ઘમરોળાયેલા સેકટરોમાં ગંદકી ખદબદી રહી છે. વરસાદી પાણી સાથે કચરો તણાઈ આવતાં ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા છે. જયારે આ દરમિયાન સેકટરોમાં ધરાશાયી થયેલા વૃક્ષો પણ હજુ આડશ બનેલા છે. સે-૩-સીમાં પણ ફૂટપાથની બાજુમાં સ્થિત વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતું. સપ્તાહના અંતે પણ વૃક્ષ ખસેડવામાં ન આવતા ફૂટપાથ પર આડશ બનેલા વૃક્ષના લીધે સ્થાનિક રાહદારીઓએ હાલાકી ભોગવવી પડે છે.

# ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લાના ૧૫૦ જેટલા વિકલાંગ બાળકો રવિવારે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરશે.
- મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ રવિવારે ૧૧ વાગે ડભોડા ભિક્ષુક ગૃહની મુલાકાતે જનાર છે.
- શ્રાવણમાં શિવપૂજા માટે ભક્તો વહેલી સવારથી જ મંદિરોમાં ભીડ જમાવી રહ્યા છે. નારદીપુરના લંબેનારાયણ આશ્રમમાં પાર્થેશ્વરની વિશેષ પૂજા દરરોજ થાય છે.
- જિલ્લાના પ્રભારી સચિવ શ્રી મહાવીરસિંહ ડાગુર ૧૫ મી ઓગસ્ટે ગાંધીનગરમાં ચ-૩ ખાતે ધ્વજવંદન કરશે.


આંતરરાષ્ટ્રીય મૂળનિવાસી દિવસ

૦૯ ઑગસ્ટ

ગુજરાત સરકાર

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલ 'વનબંધુ કલ્યાણ યોજના' આદિજાતિ વિકાસના દસ મુદ્દાના કાર્યક્રમને સમાવતી સંકલિત યોજના છે. આ યોજના આદિવાસીઓને તેમના પારંપરિક મૂલ્યો સાથે પૂર્ણ સંવાદિતા કેળવીને વિકાસ સાથે સ્વાભિમાની જીવન-વ્યાપનની તકો પૂરી પાડે છે.

- આદિજાતિ વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' હેઠળ ₹ ૪૦,૫૨૫ કરોડની ફાળવણી
- 'વન અધિકાર અધિનિયમ-૨૦૦૬' હેઠળ ૬૬,૯૦૭ આદિવાસીઓના ૮.૯૮ લાખ એકર જમીન પરના દાવાઓ માન્ય
- મેડિકલ અભ્યાસક્રમ માટે આદિજાતિના ૧૬૦૦ વિદ્યાર્થીઓને GujCET માટે વિશેષ તાલીમ અપાઈ, ૪૨૩ વિદ્યાર્થીઓએ MBBS માટે પ્રવેશપાત્રતા કેળવી
- શિક્ષણ ક્ષેત્રે ટેલેન્ટ પુલ વાઉચર યોજના અંતર્ગત ૧૧૬૦ આદિજાતિના વિદ્યાર્થીઓનો ખાનગી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે સહાય
- ₹ ૮૬૯.૭૮ કરોડની શિષ્યવૃત્તિનો ૧૨૮.૬૬ લાખ જેટલા આદિજાતિના વિદ્યાર્થીઓને 'વનબંધુ કલ્યાણ યોજના' દરમ્યાન લાભ
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૮૪ 'એકલવ્ય પેટર્ન' શાળાઓની સ્થાપના
- આદિજાતિનાં કુટુંબોને વધારાની આવક મેળવવા ૭૮,૦૦૦ દૂધાળાં પશુઓની સહાય
- ૭ તાલુકાઓથી વ્યાપ વધારી ૨૬ તાલુકાના ૭,૦૦,૦૦૦ બાળકોને દૂધ સંજીવની યોજના દ્વારા લાભ
- 'ન્યુ ગુજરાત પેટર્ન' હેઠળ 'વનબંધુ કલ્યાણ યોજના' દરમ્યાન ₹ ૨,૪૭૭ કરોડની ફાળવણી
- આદિવાસી વિસ્તારમાં ૭.૨૯ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈની સુવિધા અને ૧૬,૬૫૮ કિ.મી. પાકા રસ્તાઓ
- વીજપુરવઠા માટે ૯૯ સબ સ્ટેશનોની સ્થાપના



શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



શ્રી ગણપતસિંહ વસાવા
મંત્રીશ્રી,
આદિજાતિ વિકાસ



શ્રી કાન્તિભાઈ ગામીત
રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
આદિજાતિ વિકાસ



આદિજાતિ વિકાસ માટે સદા તૈયાર, ગુજરાત સરકારનો મંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com